## :: જાહેરનામું ::

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

## હુકમ નંબર/વિ.શા/ઓ.એસ.સેક્શન/ ૯૦૦/૨૦૧૬

અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ ની કચેરી, કાંકરીયા, અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક: નં.જી/૭૨૫/સેકટર-૨/૩૪૦૬/૨૦૧૬, તા.૨૭/૧૨/૨૦૧૬ અન્વયે પો.સ.ઇ. ભરતી બોર્ડ દ્વારા આગામી તા.૦૧/૦૧/૨૦૧૭ ના રોજ ક.૧૨/૦૦ થી ક.૧૩/૦૦ દરમ્યાન લેખિત પ્રિલીમીનરી પરીક્ષા અમદાવાદ શહેરના કુલ-૨૧૧ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે. આ પરીક્ષા પરીક્ષાર્થીઓ કોઇપણ પ્રકારની ખલેલ વિના, શાંત અને મુકત વાતાવરણમાં આપી શકે તેમજ પરીક્ષા દરમ્યાન કોઇ ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરે નહી તે સારૂ તા.૦૧/૦૧/૨૦૧૭ ના ક.૧૦/૦૦ થી ક.૧૪/૦૦ સુધી અમદાવાદ શહેરના ઉપરોકત પરીક્ષાના પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં સ્ટેશનર્સ કે વેપારીઓને ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા પર પ્રતિબંધ મુકવા, પરીક્ષા કેન્દ્રોમાં સંચાલકો દ્વારા ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવા, પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઇ અનઅધિકૃત વ્યકિતઓએ એકત્રીત થવા તથા પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવા, ચારથી વધુ માણસો ભેગા થવા પર પ્રતિબંધ મુકવા, ઉમેદવારોને પરીક્ષા કેન્દ્રોમાં મોબાઇલ લઇ જવા ઉપર પ્રતિબંધ, પરીક્ષા કેન્દ્રોના આજુ-બાજુના વિસ્તારોમાં પરીક્ષા કેન્દ્રોમાં સંભળાય તેટલા મોટા અવાજે લાઉડ સ્પીકરો વગાડવા ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

જેથી હું એ.કે.સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા.૦૧/૦૧/૨૦૧૭ ના ક.૧૦/૦૦ થી ક.૧૪/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**પ્રતિબંધિત કૃત્યો :-**

(૧) પરીક્ષા કેન્દ્રોની આજુ-બાજુના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં સ્ટેશનર્સ કે વેપારીઓએ ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા નહી અને પરીક્ષા કેન્દ્રોના સંચાલકોએ ઝેરોક્ષ મશીન/સ્કેનર મશીન ચાલુ રાખવા નહી.

(૨) અમદાવાદ શહેર વિસ્તારમાં જે પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવેલ છે તે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં અનઅધિકૃત વ્યકિતઓએ એકત્રીત થવું નહી.

(૩) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યકતિઓએ ભેગા થવું નહી.

(૪) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓએ મોબાઇલ ફોન/પેઝર/બ્લ્યુ ટુથ કે કોઇ સંદેશા વ્યવહારના ઉપકરણો લાવવા નહી.

(૫) પરીક્ષા કેન્દ્રોના આજુ-બાજુના વિસ્તારોમાં પરીક્ષા કેન્દ્રોમાં સંભળાય તેટલા મોટા અવાજે લાઉડ સ્પીકરો વગાડવા નહી.

**પ્રતિબંધિત વિસ્તાર :-**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારના સદર પરીક્ષાના તમામ પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં.

❖ **અપવાદ :** આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ.

(૨) કોઇ લગ્નના વરઘોડાને,

(૩) કોઇ સ્મશાન યાત્રાને,

(૪) ફરજ પરના કર્મચારીઓ તથા પોલીસ/એસ.આર.પી./હોમગાર્ડના અધિકારી તથા જવાનોને,

**આ હુકમ તા.૦૧/૦૧/૨૦૧૭ ના ક.૧૦/૦૦ થી ક.૧૪/૦૦ સુધી અમલમાં રહેશે.**